**ગાતા ગવાય નહિ ગુણ છે અપાર**
**એવા મારા ગુરૂમાને વંદન વારંવાર (૨)**

કહેવાય છે ને કે જીવન ચલાવવા માટે સૂર્યના કિરણોની જરૂર પડે છે, તેના વિના ધરતી પર અંધકાર છવાઈ જાય, જીવન અશક્ય બની જાય. તેવી જ રીતે અમારા બધાની વહાલી ગુરુમા અમારા જીવન નિર્માણ માટે, અમારામાં રહેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવા એક સૂર્યનું કિરણ બની પધાર્યા હતા. અમારા જેવા હજારો બાળકોના જીવનનું સાચુ નિર્માણ કરી ગયા છે.

ખરેખર ગુરુમા જેવા વિરલ વિભૂતી હવે આ કાળમાં થશે કે નહીં તે એક શંકાને સ્થાને છે.

- હે ગુરુમા! અમે તપોવની બાળકોએ આપને અમારા જીવનમાં અમારી સગી માતા કરતાંય ઊંચુ સ્થાન આપ્યું છે.
- હે ગુરુમા! આપે વર્તમાનમાં T.V., Whatsapp જેવા ભયંકર આક્રમણોથી અમને બચાવીને અમારા જીવનમાં દોષો રૂપી કીડા પડતા અટકાવ્યા છે.
- હે ગુરુમા! આપે અમારા આત્મામાં ભક્તિ, મૈત્રી અને કરૂણા જેવા ગુણો સ્થાપિત કર્યા છે.
- હે ગુરુમા! તમારું જીવન આજે અમારા માટે દર્પણ બની રહ્યું છે, અમે આપના ગુણવૈભવના વારસ બનવા માંગીએ છીએ.

મીત્રો તમને સૌને ખબર છે કે આપણા ગુરુમા કેવા હતા? તો તે તમને સૌને Poemના રૂપમાં જણાવીશ.

મારા ગુરુમા નિરાલા હતા, શાસનના રખવાલા હતા, અલબેલા અણગાર હતા, શાસનના શણગાર હતા, ચંદ્ર જેવા ઉજ્જવલ હતા, શેખર જેવા પ્રકાશતા હતા, વિકૃતિનો પરાજય હતા, પ્રકૃતિનો વિજય હતા, સમર્પણની સુવાસ હતા, સફળતાનો આકાશ હતા, સ્વાધ્યાયના સહવાસ હતા, મમતાનો આવાસ હતા, જેમની વાણીમાં રણકાર હતો, શુદ્ધિનો ઝણકાર હતો, જેમની આગ ઝરતી વાણી હતી, શાસનની ચીનગારી હતા, જિનાજ્ઞા જેમની આણ હતી, સંયમ જેમનો પ્રાણ હતો, અનેક ગુણોની ખાણ હતા, મોક્ષનું જે વહાણ હતા, તેવા ગુણ ગિરૂઆ ગુરુમાને વંદન વારંવાર... વંદન વારંવાર...

છેલ્લે હે ગુરુમા આપને એકજ પ્રાર્થના કરવાની કે અમે આપના જેવા જ બનવા માંગીએ છીએ. આપ અમારા શ્વાસ શ્વાસમાં, રોમે-રોમમાં વસેલા છો, બસ આપ હંમેશા અમારા પર આશીર્વાદ વરસાવો એ જ વિનંતી.

**યાદ આવે ગુરુમા... યાદ આવે ગુરુમા...**
**ધરમદાતા, સંસ્કારદાતા યાદ આવે ગુરુમા.**
**જગડું પેથડ, ભામાશાની વાર્તા અમને કરતાં**
**અભક્ષ્ય અને રાત્રીભોજનથી દૂર અમને રાખતા**



**વત્સલ મૂરત મા, અમારી સ્નેહલ સુરત મા,**
**ધરમદાતા, સંસ્કારદાતા યાદ આવે ગુરુમા.**
**જનમદાતા માતા અને ધરમદાતા ગુરુમા**
**આ બંનેની કદીયે વિસ્મૃતિ થાય ખરી? નહીં ને...**

જીવનની પ્રત્યેક પળોમાં, દરેક શ્વાસ-ઉચ્છ્વાસમાં જેમ 'મા' નું આધિપત્ય છે તેમ તપોવનમાં આવ્યા પછી અમારી સઘળી ક્ષણો પર પૂ. ગુરુમાનો અધિકાર છે. પૂ. ગુરુમાનું અપાર વાત્સલ્ય અમારા પર વરસ્યા જ કરે છે. એમની કૃપા સદૈવ અમારી રક્ષા કર્યા જ કરે છે.

પૂ. ગુરુમામાં શ્રી સ્થૂલભદ્ર જેવી પવિત્રતા હતી, તો શ્રી ગૌતમસ્વામી જેવો વિનયગુણ હતો. શ્રી વિવેકાનંદ જેવો સંસ્કૃતિ પ્રેમ હતો, તો મહારાણા પ્રતાપ જેવી શુરવીરતા હતી, શિવાજી જેવો દેશપ્રેમ હતો તો સુલસા જેવી ધર્મશ્રધ્ધા હતી. તેમનામાં પ્રભુવીર જેવી કરુણા અને ક્ષમાપના હતી.

પૂ. ગુરુમા શ્રી હરીભદ્રસૂરી જેવાપ્રખર વિધ્વાન હતા. તો આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય જેવા શાસન પ્રભાવક હતા. તેઓશ્રી આનંદઘનજી મ.સા. જેવા લેખક હતા.

**આપણી ગુરુમા ગુણોના ભંડાર હતા.**
**એ ગુણરૂપી ચંદ્ર સોળે કળાએ ખીલીને ગગનમાં વિલિન થઈ ગયો.**
**ગુરુકૃપા રૂપી ચાંદનીની શીતલતા બધાને આપતો ગયો**
**તસવીર બનીને નથી રહ્યો, પણ તકદીર બધાની બદલતો ગયો.**
**હે ગુરુમા! અમને તો બસ એક જ આશા છે કે ભવોભવ અમને તમારો સાથ,**
**તમારૂ માર્ગદર્શન મળતુ રહે... મળતુ રહે...**

## ❊ તપોવની બાળકો દ્વારા અનોખો સાંસ્કૃતિક કાર્યક્રમ ❊

પ.પૂ.આચાર્ય શ્રી જિનસુંદર સૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી પર્યુષણના ૧૦ દિવસ પહેલા તપોવનના ચુનંદા વિધાર્થીઓ દ્વારા ગુજરાતથી કર્ણાટકના અનોખા સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીઓ શરૂ થઈ. જેમાં એક સુંદર નાટકની સાથે કોન્સર્ટ ઉપરાંત ત્રણ ડાન્સ અને બે સ્પીચ વણી લેવામાં આવી હતી. તપોવનનો વ્યવસ્થીત ચિતાર આપતી C.D. નું દર્શન પણ ઉપસ્થિત પ્રેક્ષકોને કરાવવામાં આવ્યું હતું.

11 ઓગષ્ટ સાંજે ૪.૦૦ વાગે આ ટીમ વાયા સુરત-ગદક થઈ ટ્રેન દ્વારા કર્ણાટક(બલ્લારી) પહોંચી હતી. ૧૩ ના સવારે નવકારશી વાપરી પૂ. આચાર્ય ભગવંતના દર્શન-વંદનનો લાભ લઈ સવારે ૧૦.૦૦ વાગ્યે સ્ટેજ પ્રોગ્રામની શરૂઆત કરી. બલ્લારી શ્રી સંઘમાં આ ટીમે જોરદાર સ્ટેજ-પ્રોગ્રામ રજૂ કરી લોકોના મન મોહી લીધા હતા. સમગ્ર બલ્લારીમાં તપોવની મોજા ફરી વળ્યા હતા. ટપુના નાટકના પાત્રોનો અભિનય અદ્દ્ભૂત હતો. સૌએ પ્રેક્ષકોની વાહ-વાહ